## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




છાપામાં વાંચી વાંચીને વાઈફ એવું કહે છે કે દિવાળીમાં આપણે અજંતા ઈલોરાની ગુફા જોવા નથી જવું... પણ રામ રહિમની ગુફા જોવા લઈ જાવ...!!



ભાજપમાં ઉમેદવાર પસંદગીની ક્વાયત : ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો બુધવારે વિધિવત પ્રારંભ થયો. જિલ્લાની દહેગામ, કલોલ અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારના કાર્યકરોની પ્રદેશ નિરીક્ષકો સર્વ શ્રી હરિભાઈ ચૌધરી, ડૉ. અનિલ પટેલ અને શ્રીમતી અલકાબેન મોદીએ કાર્યકરોની રજૂઆતો સાંભળી હતી.

# સે-૩માં સહિયર રાસ ગરબા મહોત્સવનુ નવતર આયોજન આકર્ષણનુ કેન્દ્ર બનશે

### કેપિટલ ક્રિએટીવ કલબ દ્વારા મહીલા અને બાળકો માટે ગરબાનુ વિશેષ આયોજન : ટ્રેડિશનલ ડ્રેસ ફરજિયાત નહીં

ગાંધીનગર તા ૨૦

કેપિટલ ક્રિએટીવ કલબ દ્વારા મહીલાઓ અને બાળકો માટે સે-૩ એ ચેહર માતાના મંદિર નજીકસ સહિયર રાસ ગરબા મહોત્સવ ૨૦૧૭ નુ આયોજન કરવામાં આવ્યુ છે. માતાજીની પુજા અર્ચના અને ભક્તિ ભાવના સાથે શેરી ગરબાના નવતર આયોજનને જીવંત રાખવાના ઉમદા આશયથી કલબ દ્વારા આ ખાસ ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે.

કેપિટલ ક્રિએટીવ કલબના પ્રમુખ મુકેશ પટેલ તેમજ મુકેશ મારૂએ જણાંવ્યુ હતુ કે સહીયર ગરબા મહોત્સવમાં શહેરની બહેન દિકરીઓ અને બાળકો માટે ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ટ્રડીશ્નલ ડ્રેસ ફરજિયાત નથી. જેના લીધે ટ્રેડિશ્નલ ડ્રેસ તેમજ જવલેરીનો ખર્ચ પણ પરિવારજનોએ વેઠવો નહી પડે. જયારે ગરબે ઘુમનારાઓ માટે રોજ ૧૦૦ જેટલા ઈનામો પણ એનાયત થશે. ગરબા મહોત્સવના આયોજનનો ઉદેશ્ય પૈસાની કમાણી માટેનો નથી. પરંતુ માતાજીની ભક્તિ અર્ચના સાથે પારિવારિક માહોલમાં નવરાત પર્વની ઉજવણી કરવામાં આવે તે દિશામાં જ કલબે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ગરબા મહોત્સવના સ્થળે ગરબા પ્રેમીઓ માટે ખાણીપીણીના સ્ટોલ્સ પણ રહેશે. વિશાળ ગરબા મેદાનમાં ફલાઈંગ ડોલબી સિસ્ટમ સાથે રાજુ વાઘેલા,કિશન બારોટ,મયુરી રાવત ભાગ્યેશ નાયક તેમજ સ્વીટી બારોટ સહીતના કલાકારો ગરબાના સુર પાથરશે. જયારે નવરાત મહોત્સવ દરમિયાન સેકટરોની શેરીઓમાં ગરબા મહોત્સવનુ આયોજન કરતા ૭૦ જેટલા શેરી ગરબાના આયોજકોનુ સન્માન કરાશે.

# એફ.આર.સી.નો નિયમ સરકાર નહીં નિભાવે તો ઈલેકશનમાં વાલીઓ નોટાનો ઉપયોગ કરશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજયમાં ફી રેગ્યુલેશન એકટ એપ્રિલ મહિનાથી લાગુ થયો હોવા છતા અને એફ.આર.સી. એ સ્કુલોને ૯૦ દિવસના બદલે ૧૨૦ દિવસમાં સ્કુલનું હીયરીંગ કરી ફી વધઘટ કરવાનો સમય આપેલ હતો. જે ૨૪ સપ્ટેમ્બરે ૧૨૦ દિવસની મુદત પુર્ણ થાય છે. વાલીઓ પાસે સ્કુલો II કવાર્ટર III કવાર્ટર દબાણ કરી બાળકોને હેરાન કરી દબાણથી ફી માંગવામાં આવી રહી છે. આ જોહુકમી સામે ૨ કરોડ વાલીઓ આગામી ઈલેકશનમાં નોટાનો ઉપયોગ કરશે.

ઓલ ગુજરાત વાલી મંડળના પ્રમુખ નરેશ શાહ વધુમાં જણાવે છે કે સ્કુલની સગવડમાં ટોયલેટ એક જ હોય છે જનરલ. જેમાં વિદ્યાર્થી, વિદ્યાર્થીની, કન્ડકટર, ડ્રાઈવર, પટ્ટાવાળો જતા હોય છે. સ્કુલબસમાં સીસીટીવી કેમેરા તથા વર્ગમાં પણ હોતા નથી.

બસમાં કન્ડકટર પણ હોતા નથી. પાણીની ટાંકી લગભગ ૧૦ વર્ષ જુની બધી સ્કુલોમાં હોય છે. સવારે ૭.૦૦ થી સાંજે ૬.૦૦ ટાઈમ પછી એકસ્ટ્રા કલાસ બંધ કરવા જોઈએ. કોઈ પણ સ્કુલના શિક્ષક વિદ્યાર્થીનું પ્રાઈવેટ ટયુશન લઈ શકે નહીં. આગામી દિવસોમાં વાલીમંડળ ઉગ્ર આંદોલન કરી શિક્ષા રક્ષા મહા આંદોલન ગુજરાત ભરમાં ચાલુ કરી વાલીઓમાં શિક્ષણની જાગૃતતા લાવવામાં આવશે.

# પેથાપુર નગરપાલિકા અને કલોલ તાલુકાના જામળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર જિલ્લામાં આજરોજ પેથાપુર નગરપાલિકા અને કલોલ તાલુકાના જામળા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં ૧૪૭૫ અરજદારોએ અને જામળા ખાતે ૫,૭૭૬ અરજદારોએ લાભ લીધો હતો. પેથાપુર નગરપાલિકા અને જામળા ગામ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની મુલાકાત ગાંધીનગર જિલ્લા કલેકટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ લીધી હતી. બન્ને સ્થળોએ સેવાસેતું કાર્યક્રમની વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમજ અરજદારો પાસેથી કાર્યક્રમ અંગેનો અભિપ્રાય મેળવ્યો હતો. પેથાપુર ખાતે યોજાયેલ સેવાસેતું કાર્યક્રમનું સફળ આયોજન નગરપાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા અને ચીફ ઓફિસર વાલેરા માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જામળા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કલોલ પ્રાંત અધિકારી કે.વી. ભાલોડિયા અને કલોલ મામલતદાર વી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# સ્વાઈન ફલુથી વધુ એક મહિલા દર્દીનું મોત : એક નવો કેસ

### જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૫૫ પર પહોંચી જ્યારે મૃત્યુ આંક ૧૮ પર પહોંચ્યો : અલુવામાંથી કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના કેસો સતત મળી આવતાં તંત્ર પણ હવે ચિંતાતુર બન્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક કેસ સ્વાઈન ફલુ પોઝીટીવનો મળી આવેલ છે. જયારે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના ઓગજીના મુવાડાની મહિલા દર્દી જે સારવાર હેઠળ હતી તેનુ આજે મૃત્યુ થયુ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૧૮ પર પહોંચી છે.

આખા રાજયમાં સરેરાશ મૃત્યુ દર ૬.૫ ટકાની આસપાસ નોંધાયો છે જ્યારે જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીની ટકાવારી ૧૧ ટકા છે જે તંત્ર માટે ચિંતાનુ કારણ બની રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે આજે કલોલ તાલુકાના અલુવા ગામેથી એક ૬૦ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સ્વાઈન ફલુના કેસો ૧૫૫ નોંધાયા છે. જેમાં સૌથી વધુ ગાંધીનગરમાં ૬૩, દહેગામમાં ૨૦, માણસામાં ૧૯ અને કલોલમાં ૫૩ કેસ નોંધાયા છે. ચાલુ માસ દરમ્યાન ૪૨ કેસ સામે આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે અત્યાર સુધીમાં ૧૩૩ દર્દીઓ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ૪ દર્દી સારવાર હેઠળ છે. જેમાં એક દર્દી વેન્ટીલેટર પર હોવાનુ જાણવા મળેલ છે.

